# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

SGCCI


Ref no. PN 2025-26/162 Dt. 27/09/2025

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા મંત્રા સાથે મળીને 'ઇનોવેશન ઇન ઝીરો લિકિવડ ડિસ્ચાર્જ ફોર ઇન્ડસ્ટ્રીયલ વેસ્ટ વોટર મેનેજમેન્ટ' વિષય પર સેશન યોજાયું

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ધ મેન મેઇડ ટેક્ષ્ટાઇલ્સ રિસર્ચ એસોસિએશન (મંત્રા)ની સાથે મળીને તા. ૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ સંહતિ, સરસાણા, સુરત ખાતે 'ઇનોવેશન ઇન ઝીરો લિકિવડ ડિસ્ચાર્જ ફોર ઇન્ડસ્ટ્રીયલ વેસ્ટવોટર મેનેજમેન્ટ' વિષે સેશન યોજાયું હતું, જેમાં એઓલસ સસ્ટેનેબલ બાયોએનર્જી પ્રાઇવેટ લિમિટેડના ડિરેક્ટર શ્રી નીરજ મિથાનીએ ઉદ્યોગકારોને વિસ્તૃત જાણકારી આપી હતી.

ચેમ્બરના તત્કાલીન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ સ્વાગત પ્રવચનમાં કહ્યું હતું કે, લિકિવડ ડિસ્ચાર્જ આજનો સળગતો પ્રશ્ન છે. ઉદ્યોગકારો વોટરજેટને બદલે એરજેટ તરફ વળવા લાગ્યા છે પણ વોટરજેટ મશીનો હોય તો વીવર્સ અને પ્રોસેસર્સ માટે આ ઉકેલો ઉપયોગી થશે. પર્યાવરણની રક્ષા આપણી સૌની જવાબદારી છે. ઇન્ડસ્ટ્રીયલ વેસ્ટવોટર મેનેજમેન્ટમાં નવીનતા નવી પેઢી માટે સ્વચ્છ પર્યાવરણ છોડી જશે.

મંત્રાના ડિરેક્ટર ડો. અરૂપ રક્ષિતે આ કાર્યક્રમના ઉદ્દેશો વિશે ઉદ્યોગ સાહસિકોને માહિતી આપી હતી.

એઓલસ સસ્ટેનેબલ બાયોએનર્જી પ્રાઇવેટ લિમિટેડના ડિરેક્ટર શ્રી નીરજ મિથાનીએ મુખ્ય સંબોધનમાં પર્યાવરણીય પાલન અને ટકાઉપણું હાંસલ કરવામાં રીમ કેવી રીતે નિર્ણાયક ભૂમિકા ભજવી શકે છે તે દર્શાવતા વ્યવહારુ ઉપયોગો, ટેકનિકલ પ્રગતિ, ઈલેક્ટ્રોઓક્સેડેશન અને ઉદ્યોગની કેસ સ્ટડીઝ પર પ્રકાશ પાડયો હતો. તેમણે કહ્યું હતું કે એમિશન ટ્રેડિંગ સ્કીમની જેમ સમગ્ર દેશમાં પ્રથમ સુરતમાં જ એફલુઅન્ટ ટ્રેડિંગ સ્કીમ આ વર્ષથી

શરૂ થઈ છે. ઘણી એવી કિફાયતી અને સરળ ટેકનિકસ છે, જેનાથી વેસ્ટ વોટરને ટ્રીટ કરી શકાય છે. ટેક્ષ્ટાઈલ ઉપરાંત સુગર, મોલાસિસ, ફાર્મા, પાવર ક્ષેત્રમાં પણ તે કેટલી અસરકારક રહે છે તેની વિસ્તૃત સમજણ તેમણે આપી હતી. તેમણે કહ્યું હતું કે, વેસ્ટ વોટરમાંથી કલર કાઢવો સરળ છે.

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, ઉદ્યોગ સાહસિકો અને વ્યવસાયિકો સેશનમાં ઉપસ્થિત રહયા હતા. મંત્રાના ડેપ્યુટી ડિરેકટર ડો. હિતેશ જરીવાલાએ સમગ્ર કાર્યક્રમનું અને પ્રશ્નોત્તરી સેશનનું સંચાલન કર્યું હતું. મંત્રાના માનદ્ મંત્રી શ્રી પ્રફૂલ્લ ગાંધીએ ઉપસ્થિત સર્વેનો આભાર માની કાર્યક્રમનું સમાપન કર્યું હતું.